==========================================================

# ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ અદાલત, જી.ગીર સોમનાથ, મુ. વેરાવળ

==========================================================

**ફોજદારી કેસ નં.૧૧૮/૨૦૨૬**

**આંક–**

શ્રી સરકાર....

**ફરિયાદી**

**<u>–:: વિરૂધ્ધ ::–</u>**

જાદવભાઈ ખીમજીભાઈ કુહાડા,
રહે. હોન્ડા શો–રૂમ પાસે, તા.વેરાવળ, જિ. ગીર–સોમનાથ.

**આરોપી**

**<u>આરોપ :– ગુજરાત મત્સ્યોધોગ નિયમો ૨૦૦૩ ના નિયમ ૭ (૪) (સુધારા) ૨૦૨૦ ની કલમ–૨૧(૧) ચ મુજબ...</u>**

**<u>–:: ચુકાદો ::–</u>**

**(૧)** ફરિયાદ પક્ષે આરોપી વિરૂધ્ધ ગુજરાત મત્સ્યોધોગ નિયમો ૨૦૦૩ ના નિયમ ૭ (૪) (સુધારા) ૨૦૨૦ ની કલમ–૨૧(૧) ચ મુજબનું ચાર્જશીટ રજૂ કરેલ છે.

**(૨)** આજરોજ આરોપીને ધોરણસર સમન્સની બજવણી થતાં તેઓ કોર્ટ રૂબરૂ પોતાના વકીલ સાહેબ સાથે હાજર થતાં તેઓને વિના મુલ્યે પપર્સની નકલો પુરી પાડવામાં આવેલ છે.તેઓ આ ગુન્હો સ્વેચ્છાએ કબૂલાત કરવા માગે છે તેમ જણાવી કબૂલાત પુરસીસ રજૂ કરતાં આરોપીની પ્લી રેકર્ડ કરવામાં આવેલ છે. જેમાં આરોપીએ સ્વેચ્છાપૂર્વક કબૂલાત કરેલી છે અને પોતાનો પ્રથમ ગુન્હો હોય અને ભવિષ્યમાં ગુન્હો કરશે નહી તેવી ખાત્રી આપી રહેમ રજૂઆત કરેલી છે.

**(૩)** આરોપીની સ્વેચ્છાપૂર્વકની ગુન્હા કબૂલાત ધ્યાને લેતાં તેમજ પોલીસ પેપર્સ

વંચાણે લેતાં આરોપીની આર્થિક, સામાજિક સ્થિતિ ધ્યાને લેતાં અને દયાની માંગણી કરતો હોય આરોપીને સજા કરતી વખતે ઉદાર વલણ રાખી, સુધરવાની તક આપવાથી ન્યાયનો હેતુ જળવાય તેમ જણાતું હોય નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

આરોપીને ગુજરાત મત્સ્યોધોગ નિયમો ૨૦૦૩ ના નિયમ ૭ (૪) (સુધારા) ૨૦૨૦ ની કલમ–૨૧(૧) ચ મુજબના ગુન્હા સબબ તકસીરવાન ઠરાવી અને આરોપીને રૂ.૧૦૦૦/– (અંકે રૂપિયા એક હજાર પુરા) દંડની સજા ફરમાવું છું અને જો આરોપી દંડ ના ભરે તો આરોપીએ દિન–૦૫ (પાંચ) ની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

ચુકાદો આજ તા.૩૦મી, માહે–મે, સને–૨૦૨૬ ના રોજ રેગ્યુલર લોક અદાલતમાં વાંચી, સંભળાવી સહી કરી જાહેર કર્યો.

સ્થળ : વેરાવળ.
તારીખ : ૩૦/૦૫/૨૦૨૬

**(પ્રીતેશ ઉપેન્દ્રકુમાર અંધારિયા)**
ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ, વેરાવળ
ગીર–સોમનાથ.
યુઆઈડી નંબરઃ (GJ01119)

Nikhila, P.A. (Guj.Steno.)